# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

************************************************************

1) ગુજરાતના ધોલેરામાં વિકાસ કાર્યોની ભાગીદારીના કરાર, સહીત ભારત અને યુએઈ સંરક્ષણ, અવકાશ, ઉર્જા, ખાદ્ય સુરક્ષા ક્ષેત્રોમાં સહયોગ સાધશે

2) પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા પ્રક્રિયા ચૂંટણી પંચ દ્વારા 14 ફેબ્રુઆરી સુધી પૂર્ણ થશે

3) દક્ષિણ ગોવામાં ડાબોલિમ આંતરરાષ્ટ્રીય વિમાનમથક નાગરિકો માટે ઝડપથી ખુલ્લુ મૂકાશે

4) અફઘાનિસ્તાનના કાબુલમાં રેસ્ટોરન્ટમાં વિસ્ફોટમાં એક ચીની નાગરિક સહિત સાતના મોત

5) સ્પેનમાં, બે હાઇ-સ્પીડ ટ્રેનો વચ્ચે અથડામણમાં ઓછામાં ઓછા 40 ના મોત

6) ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ 2026નો પહેલો તબક્કો આજથી લદ્દાખના લેહમાં શરૂ થશે

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# IND UAE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. આ બેઠક દરમિયાન ભારત અને યુએઈ વચ્ચે સંરક્ષણ, અવકાશ, ઉર્જા, સુપરકોમ્પ્યુટિંગ અને ખાદ્ય સુરક્ષા ક્ષેત્રોમાં અનેક કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ જણાવ્યું કે વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી, અવકાશ માળખાગત વિકાસ અને તેના વ્યાપારીકરણ પર સંયુક્ત પહેલ અને ગુજરાતના ધોલેરામાં એક ખાસ રોકાણ ક્ષેત્રના વિકાસમાં યુએઈની ભાગીદારીના ક્ષેત્રમાં કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

## BYTE –SI-MEA-TRADE

વિદેશ સચિવે જણાવ્યું કે, ગુજરાતના ધોલેરામાં એક ખાસ રોકાણ ક્ષેત્રના વિકાસમાં યુએઈની ભાગીદારીનો હેતુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, પાઇલટ તાલીમ શાળા, સ્માર્ટ શહેરી ટાઉનશીપ અને રેલ્વે કનેક્ટિવિટી અને ઉર્જા માળખાગત સુવિધાઓ સંબંધિત પ્રોજેક્ટ્સની સ્થાપના કરવાનો છે. તેમણે કહ્યું કે બંને દેશો દ્વિપક્ષીય નાગરિક પરમાણુ સહયોગને પ્રોત્સાહન આપશે. શ્રી મિસરીએ એમ પણ કહ્યું હતું કે ફર્સ્ટ અબુ ધાબી બેંક અને ડીપી વર્લ્ડ ગિફ્ટ સિટી ગુજરાતમાં તેમની ઓફિસો શરૂ કરશે.

# DAVOS, SWITZERLAND

સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ ખાતે ચાલી રહેલા વર્લ્ડ ઈકોનોમી ફોરમમાં ભારત માંથી અનેક રાજ્યના મંત્રીઓ ભારતનું પ્રતિનિધિત્વ કરશે

કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ ખાતે ઓમાનના નાયબ વડા પ્રધાનના આર્થિક સલાહકાર ડૉ. સૈયદ મોહમ્મદ અહેમદ અલ સાકરીને મળ્યા. મંત્રીએ જણાવ્યું કે, ચર્ચાઓ સૌર મોડ્યુલ, ઇલેક્ટ્રોલાઇઝર અને ગ્રીન હાઇડ્રોજન માટે ઉત્પાદન અને નિકાસ તકો પર સંયુક્ત સહયોગ પર કેન્દ્રિત હતી. વર્લ્ડ ઇકોનોમિક ફોરમની બેઠક ગુજરાતના નાયબ મુખ્મયંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં પહોંચેલા ગુજરાતના પ્રતિનિધિ મંડળનું મિલાન ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું.

દાવોસ ખાતેની આ આંતરરાષ્ટ્રીય પરિષદમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગુજરાતના વિકાસનો રોડમેપ રજૂ કરીને આંતરરાષ્ટ્રીય કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા માટેની ચર્ચા કરશે. હર્ષ સંઘવીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં આ માહિતી આપી હતી. મહારાષ્ટ્ર સરકારે ગઈકાલે વર્લ્ડ ઇકોનોમિક ફોરમ સમિટના શરૂઆતના દિવસે ૧૪.૫ લાખ કરોડ રૂપિયાના રોકાણ સમજૂતી કરાર (MoU) મેળવ્યા છે.હસ્તાક્ષર કરાયેલા ૧૯ MoU વિવિધ ક્ષેત્રોમાં ૧૫ લાખથી વધુ નોકરીઓનું સર્જન થશે.

# SIR

પશ્ચિમ બંગાળમાં, મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (SIR) પ્રક્રિયા ચૂંટણી પંચ દ્વારા નિર્ધારિત 14 ફેબ્રુઆરીના સમયમર્યાદામાં પૂર્ણ થશે.

ચૂંટણી પંચને મોકલવામાં આવેલા સાપ્તાહિક અહેવાલમાં, SIR સુનાવણી સંબંધિત તમામ ઘટનાઓના વિગતવાર અહેવાલો રજૂ કરવામાં આવ્યા હતા. તે અહેવાલની સમીક્ષા કર્યા પછી, પંચ અને રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ કુમાર અગ્રવાલ વચ્ચે દિલ્હીમાં એક બેઠક યોજાઇ હતી

કમિશનના સૂત્રોએ જણાવ્યું કે ચર્ચાઓ રાજ્યમાં SIR પ્રક્રિયાના સરળ અમલીકરણ અને આગામી 2026 વિધાનસભા ચૂંટણીઓ માટે સુરક્ષા વ્યવસ્થા, બૂથ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યવસ્થાપન પ્રક્રિયાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

ચાલુ પ્રક્રિયાનું વિશેષ નિરીક્ષણ આજથી શરૂ થશે, જેનું સીધી દેખરેખ મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ કુમાર અગ્રવાલ પોતે કરશે.

## RAJNATH SINGH

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યુ છે કે દક્ષિણ ગોવામાં ડાબોલિમ આંતરરાષ્ટ્રીય વિમાનમથક અવરજવર માટે ઝડપથી ખુલ્લુ મૂકાશે. દક્ષિણ ગોવાનો પર્યટન ક્ષેત્રને વધારવા માટે સંરક્ષણ પ્રધાન અને ગોવાના મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંત વચ્ચે રાષ્ટ્રીય રાજધાનીમાં એક ઉચ્ચ-સ્તરીય બેઠક દરમિયાન આ ખાતરી આપવામાં આવી હતી.

આ બેઠકનો ઉદ્દેશ્ય મોપા ખાતે નવા કાર્યરત મનોહર આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર નાગરિક ફ્લાઇટ્સના સંભવિત સ્થળાંતર અંગે લાંબા સમયથી ચાલી આવતી આશંકાઓ દૂર કરવાનો હતો.

# MISSION LIFE

નવી દિલ્હીમાં મિશન લાઇફ હેઠળ ઈ-કચરા માંથી મહત્વપૂર્ણ ખનિજોની પુનઃપ્રાપ્તિ માટે તેની વિવિધ ઉત્પાદકતાના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ, નીતિન ગડકરી, મનોહર લાલ અને જી કિશન રેડ્ડીએ બેઠક કરી હતી.

શ્રી યાદવે ભાર મૂક્યો કે મિશન લાઇફ હેઠળ, ઇ-કચરાનું સંચાલન ટકાઉ જીવનના સાત સિદ્ધાંતો માંથી એક છે. અન્ય સિદ્ધાંતો છે - ઉર્જા, ખોરાક, પીવાલાયક પાણી અને સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરો, કચરાનું સંચાલન કરો અને સ્વસ્થ જીવનશૈલી અપનાવો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NEW NATIONAL PRESIDENT

ભારતીય જનતા પાર્ટી નવા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તેમની ચૂંટણીની ઔપચારિક જાહેરાત આજે કરવામાં આવશે.

રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે નીતિન નવીનના પક્ષમાં તમામ 37 સેટ ઉમેદવારી પત્રો મળ્યા હતા. ચકાસણી પર, ઉમેદવારી પત્રોના તમામ સેટ જરૂરી ફોર્મેટમાં યોગ્ય રીતે ભરેલા અને માન્ય હોવાનું જાણવા મળ્યું.

સાંભળીએ એક અહેવાલ..

**V/C: AKSHIT-BJP**

# AFGHANISTAN ATTACK

અફઘાનિસ્તાનમાં, કાબુલના શહેર-એ-નાવ વિસ્તારમાં એક રેસ્ટોરન્ટમાં થયેલા વિસ્ફોટમાં એક ચીની નાગરિક સહિત ઓછામાં ઓછા સાત લોકો માર્યા ગયા, જ્યારે એક ડઝન લોકો ઘાયલ થયા.

આ વિસ્ફોટ ચીની મુસ્લિમો અને અફઘાન લોકો દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવતા રેસ્ટોરન્ટમાં થયો હતો. ગૃહ મંત્રાલયના પ્રવક્તા અબ્દુલ મતીન કાનીએ જણાવ્યું કે વિસ્ફોટમાં મૃત્યુ અને ઇજા બંને થઈ છે પરંતુ તેમની પાસે સંખ્યા અંગે કોઈ વિગતો નથી.

ઇસ્લામિક સ્ટેટની અફઘાન શાખાએ સોમવારના હુમલાની જવાબદારી સ્વીકારી હતી, એક નિવેદનમાં કહ્યું હતું કે તે એક આત્મઘાતી બોમ્બર દ્વારા કરવામાં આવ્યો હતો.

## SPAIN ACCIDENT

સ્પેનમાં, દક્ષિણ ભાગમાં બે હાઇ-સ્પીડ ટ્રેનો વચ્ચે અથડામણમાં ઓછામાં ઓછા 40 લોકો માર્યા ગયા છે, અને ઘણા લોકો ઘાયલ થયા છે.

આ ઘટના આદમુઝ શહેર નજીક બની હતી, જ્યારે એક હાઇ-સ્પીડ ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ અને અન્ય ટ્રેક પર જઇ અથડાઈ ગઈ. આ અકસ્માતને કારણે વિરુદ્ધ દિશામાં જતી બીજી ટ્રેન પણ પાટા પરથી ઉતરી ગઈ.

બચાવ ટુકડીઓ પાટા પરથી ઉતરી ગયેલા ડબ્બામાં ફસાયેલા લોકોને બચાવવાનું કામ ચાલી રહ્યું છે. 40થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ છે, જેમાંથી કેટલાકની હાલત ગંભીર છે.

સ્પેનિશ પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે. અધિકારીઓએ અકસ્માતના કારણની તપાસ શરૂ કરી છે.

## KHELO INDIA WINTER GAMES 2026

ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ 2026નો પહેલો તબક્કો આજથી લદ્દાખના લેહમાં શરૂ થશે. આ આવૃત્તિમાં કોચ અને ટેકનિકલ અધિકારીઓ સહિત 1000થી વધુ રમતવીરો ભાગ લેશે.

આ વર્ષનું નવું ફિગર સ્કેટિંગ ઓલિમ્પિક ઇવેન્ટ છે. 472 રમતવીરો આઈસ સ્કેટિંગ અને હોકીમાં ભાગ લેશે.

---------------------------------------------------------------

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં સોના ચાંદીનો ભાવ આસમાને અને ધોલેરા વિકાસમાં યુએઇની ભાગીદારીના સમાચાર પ્રથમ પાને વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમચારે લખ્યું છે કે, ચાંદી 3 લાખને પાર, સોનું 1.48 લાખ: સર્વોચ્ચ સપાટીએ.
- સંદેશ લખે છે કે, ચાંદી 3 લાખને પાર: સોનું 3000 ઊછળી 1.45 લાખ.
- તો નવ ગુજરાત સમયે લખ્યું છે કે,ચાંદી 3 લાખ, હાજરમાં 2026માં 58000 રૂપિયા ઊછળી.
- "યુએઇની મદદથી ધોલેરામાં ઇન્ટરનેશનલ એરપોર્ટ, મેઈન્ટેનન્સ-રિસર્ચ સેન્ટર બનશે" ના સમાચાર દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને છાપ્યા છે.
- અને ફૂલછાબે લખ્યું છે કે, ધોલેરા વિકાસમાં UAE સહભાગી બનશે.